ક્રમાંકઃ રાપબો/NMMS/૨૦૧૨/૩૨૩૦-૯૨
રાજય પરીક્ષા બોર્ડ, ગુ.રા.,
સરકારી પુસ્તકાલય સામે,
સેકટર - ૨૧, ગાંધીનગર.
તારીખ :-૧૭/૦૮/૨૦૧૨

**જાહેરનામુ :-**

રાજયની નબળી આર્થિક સ્થિતિ ધરાવતાં તેજસ્વી વિદ્યાર્થીઓનો માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળામાં ડ્રોપ આઉટ દર ઘટે તથા આ વિદ્યાર્થીઓ ધોરણ-12 સુધી અભ્યાસ પૂર્ણ કરી શકે તે હેતુથી નેશનલ મીન્સ કમ મેરીટ સ્કોલરશીપ **( N.M.M.S. )** નામની યોજના સને **2008-09** થી **N.C.E.R.T., NEW DELHI** તરફથી અમલમાં મુકવામાં આવેલ છે. આ યોજનાના મહત્વના પાસાઓ નીચે મુજબ છે. રાજય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર દ્વારા નિયત કેન્દ્રમાં તારીખ: **૧૮/૧૧/૨૦૧૨**ને રવિવારના રોજ પરીક્ષા યોજવામાં આવશે. પરીક્ષા લેવા સિવાયની તમામ કામગીરી જિલ્લા કક્ષાએ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીઓએ કરવાની રહેશે અને પરીક્ષા લેવાની કામગીરી જિલ્લાશિક્ષણાધિકારીશ્રીઓએ કરવાની રહેશે.

**૧. ઉમેદવારની લાયકાત :**

જે ઉમેદવારે વર્ષ **2012-13** માં ધોરણ-8 માં સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓ, અને લોકલ બોડી સ્કૂલ્સમાં અભ્યાસ કરતા હોય તેવા ઉમેદવારો **N.M.M.S.** ની પરીક્ષા આપી શકશે. સદર ઉમેદવારે ધોરણ-7 માં ઓછામાં ઓછા **55%** ગુણ મેળવેલ હોય તેમજ અનુસૂચિત જાતિ **(SC)** અને અનુસૂચિત જનજાતિ **(ST )**ના ઉમેદવારે ધોરણ-7 માં ઓછામાં ઓછા **50%** ગુણ મેળવેલ હોય તેમજ **General, SC , ST** - તમામ કેટેગરીના ઉમેદવારના વાલીની વાર્ષિક આવક **2,50,000/-**થી વધુ ન હોય તેવા જ ઉમેદવાર આ પરીક્ષા આપી શકશે.

**૨. પ્રશ્નપત્રનો ઢાંચો અને ગુણ :**

એન.એમ.એમ.એસ.ની પરીક્ષામાં મેન્ટલ એબીલીટી ટેસ્ટ (એમ.એ.ટી.) અને સ્કોલેસ્ટીક એપ્ટીટયુડ ટેસ્ટ ( એસ.એ.ટી.)- એમ બે પ્રકારના ટેસ્ટ રહેશે. પ્રત્યેક ટેસ્ટ **90** મિનિટ અને **90** ગુણનો રહેશે, જે નીચે મુજબ છે.

- જનરલ મેન્ટલ એબીલીટી ટેસ્ટ ( એમ.એ.ટી.) કુલ ગુણ-**90** : સમય : **90** મિનિટ
- સ્કોલેસ્ટીક એપ્ટીટયુડ ટેસ્ટ ( એસ.એ.ટી.) કુલ ગુણ-**90** : સમય : **90** મિનિટ

સ્કોલેસ્ટીક એપ્ટીટયુડ ટેસ્ટ ( એસ.એ.ટી.) માં નીચેના વિષયો ઉપર બહુ વિકલ્પ પ્રશ્નો પૂછવામાં આવશે.

- **અભ્યાસક્રમ :**

| વિષય | ગુણભાર | વિષય | ગુણભાર |
|---|---|---|---|
| ફિઝીક્સ | ૧૨ | હિસ્ટ્રી | ૧૦ |
| કેમેસ્ટ્રી | ૧૧ | જીઓગ્રાફી | ૧૦ |
| બાયોલોજી | ૧૨ | પોલી.સાયન્સ | ૧૦ |
| મેથેમેટીક્સ | ૨૦ | ઇકોનોમીક્સ | ૦૫ |

**૩. અરજી કરવાની રીત :**

**ઉમેદવારે પોતાની સંસ્થામાંથી અસલ ઓ.એમ.આર. આવેદનપત્ર મેળવવાનું રહેશે. ડાઉનલોડ કરેલ કે, ઝેરોક્ષા કોપીમાં ભરેલ ફોર્મ સ્વિકારવામાં આવશે નહી.**

સંસ્થાઓએ પોતાના સંબંધિત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની કચેરીમાંથી **તા.૨૧/૦૮/૨૦૧૨થી** આવેદનપત્રો મેળવી, ઉમેદવાર પાસેથી ભરાવી, આવેદનપત્રો પર સંસ્થાના આચાર્યશ્રીના સહી સિક્કા કરાવી, તમામ વિગતો સાથે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીને **તા.૧૪/૦૯/૨૦૧૨** સુધીમાં પહોંચાડવાના રહેશે. ઉમેદવાર, રાજય પરીક્ષા બોર્ડમાં સીધા આવેદનપત્ર મોકલશે તો તે રદ ગણવામાં આવશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓએ એન.એમ.એમ.એસ.ના ઓ.એમ.આર.સ્વરૂપના ફોર્મ બોર્ડમાંથી મળેવવાની **તા.૨૦/૦૮/૨૦૧૨** રહેશે.

**૪. પરીક્ષાનું માધ્યમ :**

પરીક્ષાનું માધ્યમ અંગ્રેજી તેમજ ગુજરાતી રહેશે અને પ્રશ્નો બહુ વિકલ્પ રહેશે.

૫. પરીક્ષા ફી :

પરીક્ષા ફી ધોરણ – ૮ જનરલ કેટેગરી માટે **રૂ.૭૦/-** અને એસ.સી તથા એસ. ટી.માટે **રૂ.૫૦/-** ભરવાની રહેશે. શાળાએ પરીક્ષા ફીની તમામ રકમ એકત્ર કરી સચિવશ્રી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગરના નામનો ડિમાન્ડ ડ્રાફ્ટ કઢાવી આવેદનપત્રો સાથે જે તે જિલ્લાના જિલા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ શાસનાધિકારીશ્રીને જમા કરાવવાનાં રહેશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી તમામ આવેદનપત્રો, અન્ય આધાર અને ડિમાન્ડ ડ્રાફટ બોર્ડમાં મોકલી આપશે.

**૬. જાતિનું પ્રમાણપત્ર :**

એસ.સી., એસ.ટી. ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણિત કરેલ પ્રમાણપત્ર તેમજ શારીરીક ખોડ-ખાંપણ અંગેનું પ્રમાણિત પ્રમાણપત્ર ફોર્મ સાથે આપવાનું રહેશે. તેમજ આવેદનપત્ર ઉપર યોગ્ય જગ્યાએ જાતિ સ્પષ્ટપણે જણાવવાની રહેશે.

**૭. ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ :**

ઉમેદવારે ભરેલા આવેદનપત્રો જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીઓએ સ્વીકારવાની છેલ્લી તા. **14/09/2012** રહેશે. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તમામ આવેદનપત્રો તા. **21/09/2012** સુધીમાં રાજય પરીક્ષા બોર્ડને રૂબરૂ પહોંચતા કરવાનાં રહેશે. આવેદનપત્ર ઉપર જરૂરી રકમનો ડિમાન્ડ ડ્રાફટ તથા વિદ્યાર્થિની અંગ્રેજી તેમજ ગુજરાતીમાં કોમ્પ્યુટરાઇઝ કરેલી યાદીની એક સી.ડી.તથા હાર્ડ કોપી બે નકલમાં સામેલ રાખેલ ફોર્મેટ મુજબ (શ્રુતિ ફોન્ટ અંગ્રેજીમાં) અચૂક જોડવાની રહેશે. ઉમેદવારના આવેદનપત્રો ફકત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી મારફતે જ બોર્ડને મોકલી આપવાના રહેશે. **આવેદનપત્રો અને અન્ય આધાર અલગ-અલગ કવરમાં જિલ્લાના નામજોગ આપવાના રહેશે.**

આવેદનપત્રો **O.M.R.** સ્વરુપનાં હોઇ તેને સ્ટેપ્લીંગ કરવું નહીં, પીન મારવી નહીં, ગડી વાળવી નહીં.

૮. પરીક્ષાનો કાર્યક્રમ:

| ક્રમ | વિષય | તારીખ | વાર | સમય | ગુણ |
|---|---|---|---|---|---|
| ૧. | જનરલ મેન્ટલ એબીલીટી ટેસ્ટ (એમ.એ.ટી.) | 18/11/2012 | રવિવાર | ૧૧:૦૦થી ૧૨:૩૦ | ૯૦ |
| ૨. | સ્કોલેસ્ટીક એપ્ટીટયુડ ટેસ્ટ (એસ.એ.ટી.) | 18/11/2012 | રવિવાર | ૧૨:૩૦ થી ૨:૦૦ | ૯૦ |

**નોંધ:-** અંધ ઉમેદવારોને પરીક્ષામાં ૩૦ મિનિટ વધારે આપવાની રહેશે.

૯. આવક મર્યાદા:

એન.સી.ઇ.આર.ટી. નવી દિલ્હીની એન.એમ.એમ.એસ.ની પરીક્ષા માટે નક્કી થયા મુજબ ઉમેદવારના વાલીની વાર્ષિક આવક **2,50,000/-થી** વધારે ન હોવી જોઇએ. વિદ્યાર્થીના આવેદનપત્ર સાથે વાલીની વાર્ષિક આવકના દાખલાની પ્રમાણીત નકલ અવશ્ય જોડવાની રહેશે.

**૧૦.સ્કોલરશીપની રકમ તથા ચુકવણાના નિયમો:**

સમગ્ર ભારતમાં ૧,૦૦,૦૦૦ તેજસ્વી ઉમેદવારોએ ધોરણ-૮ થી ધોરણ-૧૧ સુધી શરતોને આધીન વાર્ષિક રૂ|.૬૦૦૦/- શિષ્યવૃતિ ચુકવાશે. દરેક રાજય માટે શિષ્યવૃતિ સંખ્યા માનવ સંસાધન અને વિકાસ મંત્રાલય (એમ.એચ.આર.ડી.) નક્કી કરશે.

દરેક રાજયના ધોરણ-૭ અને ધોરણ-૮ના પ્રવેશ મેળવેલ બાળક અને જિલ્લાના પ્રવેશ મેળવેલ બાળકના ગુણોત્તરના ૬૬.૬૭% ગુણભાર તથા ૧૨ અને ૧૩ વય જૂથના બાળકોના ૩૩.૩૩% ગુણભારને ધ્યાને રાખીને દરેક જિલ્લા માટે શિષ્યવૃતિ સંખ્યા નિશ્ચિત કરાશે.જે શાળાઓના પરીણામ બાદ મેરીટમાં આવતા વિદ્યાર્થીઓના બેંન્ક એકાઉન્ટ નંબર નિયત સમયગાળામાં બોર્ડની સૂચના મુજબ નિયત ફોર્મેટમાં નહીં મોકલી આપે અને તેવાં બાળકોની શિષ્યવૃતિ નહીં મળે તો તે અંગે જે તે શાળાના આચાર્ય અને જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી ની જવાબદાર ગણાશે.

**ખાસ નોંધ**

**A.** એન.સી.ઇ.આર.ટી.ના પ્રવર્તમાન નિયમાનુસાર એસ.સી., એસ.ટી. અને શારીરિક ખોડ-ખાંપણ ધરાવતા ઉમેદવારોને અનામતનો લાભ આપવામાં આવશે.

**B.** તમામ જિલ્લાના પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ સરકારી પ્રાથમિક શાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓ, લોકલ બોડીની શાળાઓના આચાર્યશ્રીઓને પરિપત્ર કરી વધુમાં વધુ વિદ્યાર્થીઓ બેસે તે માટે શરુઆતથી જ પ્રયત્નો કરવા વિનંતી છે.

**C.** રાજય અને જિલ્લા કક્ષાએથી પ્રકાશિત થતાં શૈક્ષણિક મેગેઝીનમાં પણ જાહેરનામુ પ્રસિદ્ધ કરી વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસે તેમ કરવું. સમાચારપત્રોમાં પણ આ અંગેના સમાચાર છપાવી બહોળી પ્રસિદ્ધિ કરી વધુને વધુ વિદ્યાર્થીઓના પરીક્ષા ફોર્મ ભરાવવાં.

....3...

D. જે જિલ્લો પોતાના શિષ્યવૃત્તિના મળવાપાત્ર "કોટા"ના પાંચ ઘણા કરતાં ઓછાં ફોર્મ ભરાવશે અને તે જિલ્લામાં ઓછા વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેસશે તો તેની જવાબદારી જે તે જિલ્લાના જિલ્લા પ્રાથમિક શિક્ષણધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેશો.

અધ્યક્ષ
રાજય પરીક્ષા બોર્ડ
ગાંધીનગર

❖ નકલ રવાના અમલાર્થે.

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રી, તમામ.

(૨) આસી. કમિશ્નરશ્રી કેન્દ્રીય વિધાલય,ગાંધીનગર તરફ
૨/- આપની તાબાની કેન્દ્રીય વિધાલયોને જાણ કરવા સારૂ.

(૩) નિયામકશ્રી, સમાજ કલ્યાણ ખાતુ, બ્લોક નં.૪/૨, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

❖ નકલ સવિનય રવાના જાણ સારૂ.

(૧) અગ્ર સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૨) સચિવશ્રી, પ્રાથમિક શિક્ષણ, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૩) કમિશ્નરશ્રી, મ.ભો.યો.અને શાળાઓની કચેરી, ગુ.રા., ગાંધીનગર.

# List Of Student's Information

Name Of Exam:-

Name Of School :-

Dist.:-

| Sr. No | Name Of Student | Categary | Fee |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | | | |
| | Total | | |

- **About Fees Amount**

| Categary | No Of Student | | Amount |
|---|---|---|---|
| Open | | × 70 = | |
| SC | | × 50 = | |
| ST | | × 50 = | |

Total:-

- **About D. D.**

Name Of Bank :-

D.D. No/Dt. :-

Amount Rs. :-

Signature & Stamp Of the Principal